सत्यमेव जयते

**કમિશનર શાળાઓની કચેરી,**
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, ત્રીજો માળ,
પુનિત વનની સામે, સેક્ટર-૧૯,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
E-mail : jamin.bandhakam.cos@gmail.com

---

ક્રમાંક: જમીન બાંધકામ/ ફાયર સેફ્ટી/૨૦૨૬/ ૨૮૯-૩૨૩ તા.૨૯/૦૪/૨૦૨૬

**પ્રતિ,**
**જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,**
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
તમામ.

**વિષય**:-તમામ સરકારી, ગ્રાન્ટેડ અને ખાનગી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ફાયર સેફ્ટીના નિયમોનું પાલન અને NOC મેળવવા બાબત.

**સંદર્ભ**:- ૧. રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓની કચેરી,ગાંધીનગરના પત્ર ક્રમાંક :સફસ/ફન-૮૫.૧/ ૧૪૯/૨૦૨૧ તા.૦૫/૦૬/૨૦૨૧

૨. નામદાર હાઈકોર્ટના ફાયર સેફ્ટી અંગેના ઓરલ ઓર્ડર તા.૨૭/૦૯/૨૦૨૪.

૩. રાજ્ય અગ્નિ નિવારણ સેવાઓની કચેરી,ગાંધીનગરના Letter No: DSFPS/0004/07/2024 Dt: 20-07-2024

૪. શિક્ષણ વિભાગનો પત્ર ક્રમાંક:મશબ/૧૦૨૪/૧૪૧/છ,તા.૨૭/૦૭/૨૦૨૪

૫. અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક:CoS/FIRE-NOC/૨૦૨૪/૨૪૮-૩૨૭ તા.૨૪/૦૭/૨૦૨૪

૬. અત્રેની કચેરીનો પત્ર ક્રમાંક:જમીન બાંધકામ/FIRE NOC/૨૦૨૪/૬૧૮-૬૫૨ તા.૧૦/૧૦/૨૦૨૪.

ઉપર્યુકત વિષય પરત્વે જણાવવાનું કે, શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સુરક્ષા એ સર્વોપરી છે. આગ જેવી આકસ્મિક ઘટનાઓ સામે રક્ષણ મેળવવા અને જાન-માલની હાનિ અટકાવવા માટે દરેક શાળામાં ફાયર સેફ્ટીના સાધનો કાર્યરત હોવા અને કાયદેસરનું પ્રમાણપત્ર હોવું અનિવાર્ય છે.

સંદર્ભ – ૧ થી ૬ વંચાણે લઇ આથી આપની તાબાની તમામ સરકારી, અનુદાનિત (ગ્રાન્ટેડ) અને સ્વનિર્ભર (ખાનગી) માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓના આચાર્યશ્રીઓને નીચે મુજબની સૂચનાઓ આપવા જણાવવામાં આવે છે.

1. જે શાળાઓ પાસે ફાયર NOC નથી તેમણે તાત્કાલિક મેળવી લેવું અને જેમની મુદત પૂર્ણ થયેલ છે તેમણે સમયમર્યાદામાં રિન્યુઅલની પ્રક્રિયા પૂર્ણ કરવી.
2. શાળાએ નિયત સમયગાળે સરકાર માન્ય એજન્સી દ્વારા શાળાનું ફાયર ઓડિટ કરાવવાનું રહેશે.
3. શાળામાં મુકાયેલા તમામ અગ્નિશામક સાધનો (Fire Extinguishers),હાઇડ્રન્ટ સિસ્ટમ વગેરે ચાલુ હાલત (Working Condition) માં હોવા જોઇએ.

4. આગ જેવી આપત્તિ સમયે બચાવ કામગીરીની તાલીમ માટે શાળામાં દર છ માસે 'ફાયર મોકડ્રિલ' નું આયોજન કરવું અને શાળા કક્ષાએ તેના અહેવાલ/ફોટોગ્રાફ્સ નિભાવવા.
5. ફાયર સેફ્ટીના તમામ સાધનોની ચકાસણી કર્યા બાદ આચાર્યશ્રીએ 'સેલ્ફ ડિકલેરેશન' (સ્વ-ઘોષણા) રજૂ કરવાનું રહેશે.
6. ઉક્ત તમામ સૂચનાનો અમલ ત્વરિત અસરથી કરવાનો રહેશે. ફાયર ઓડિટ, મોકડ્રિલ, NOC મેળવવા તેમજ સુરક્ષાના તમામ માપદંડોના પાલન કરવાની સઘળી જવાબદારી જે-તે શાળાના આચાર્યશ્રીની રહેશે.

નાયબ શિક્ષણ નિયામક
(૧૦+૨)
ગુ.રા.ગાંધીનગર.

**બિડાણ** :- સંદર્ભદર્શિત પત્રો

**નકલ સવિનય રવાના:**

- **રહસ્ય સચિવશ્રી**, માન. અગ્ર સચિવશ્રી ( પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ) નું કાર્યાલય, શિક્ષણ વિભાગ, બ્લોક નં. 5/7, સચિવાલય, ગાંધીનગર.
- **રહસ્ય સચિવશ્રી**, માન. નિયામકશ્રીનું કાર્યાલય, સદર કચેરી.

ક્રમાંક:મા-૬/ફાયર સેફ્ટી/૨૦૨૬/૬૦૬૯

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી,
બ્લોક-એ,ત્રીજો માળ,
જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત
તા.૨૯/૦૪/૨૦૨૬

પ્રતિ,
સંચાલકશ્રી/આચાર્યશ્રી,
સરકારી,ગ્રાન્ટેડ,નોન ગ્રાન્ટેડ,માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,સુરત જિલ્લો-સુરત

વિષય: ફાયર સેફ્ટીના નિયમોનું પાલન કરવા બાબત.
સંદર્ભ:- નાયબ શિક્ષણ નિયામકશ્રી (૧૦+૨),કમિશ્નરશ્રી શાળાઓની કચેરી,ગાંધીનગરનાં પત્ર ક્રમાંક:જમીન બાંધકામ/ફાયર સેફ્ટી/૨૦૨૬/૨૮૯-૩૨૩ તા.૨૯/૦૪/૨૦૨૬.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે નાયબ શિક્ષણ નિયામકશ્રી (૧૦+૨),કમિશ્નરશ્રી શાળાઓની કચેરી,ગાંધીનગરનાં પત્ર ક્રમાંક:જમીન બાંધકામ/ફાયર સેફ્ટી/૨૦૨૬/૨૮૯-૩૨૩ તા.૨૯/૦૪/૨૦૨૬ થી મળેલ સૂચનાઓનું ચુસ્તપણે અમલ કરવા જણાવવામાં આવે છે.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત જિલ્લો-સુરત